



ગુરૂદેવો ભવઃ - સોમવારે ગુરૂપૂર્ણિમાનું પાવન પર્વ શહેરમાં ભાવપૂર્વક ઉજવાયું હતું... વહેલી સવારથી ભાવિકો પોતપોતાના શ્રદ્ધા કેન્દ્રો પર પહોંચીને ગુરૂને વંદન કરી આશીર્વાદ મેળવ્યા હતા... ધોળેશ્વર મહાદેવથી ઝુલેલાલ મંદિર સુધીના ધર્મસ્થાનો પર ભાવિકોની લાંબી કતાર લાગી હતી... ભાવિકોએ ગુરૂ પૂજન કરી ગુરૂના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી... તો બીજી તરફ ગુરૂપૂર્ણિમા નિમિત્તે હોમ-હવનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું...

# મનપા સુશાસન વહીવટીય અભિગમને અપનાવવા હવે મોબાઈલ એપ બનાવશે

## નગરજનોની ફરિયાદથી માંડીને સંબંધિત શાખા દ્વારા થયેલી કામગીરીની વિગતો લાઈવ અપડેટ થશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેની સેવાઓના માધ્યમથી લોકો સાથેનો નાતો સઘન બને તે માટે એક ખાસ એપ બનાવવાની વિચારણા કરી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે સેવાઓના સરળીકરણને સેવાઓનો વ્યાપ વધે તે હેતુને ધ્યાને રાખી આ એપ તૈયાર કરવાની હાલ વિચારણા ચાલી રહી છે. આ અંગેની પ્રાથમિક કવાયતો ટુંક જ સમયમાં પૂર્ણ થયા પછી આગળ વધવાનો નિર્ણય લેવામાં આવશે તેમ સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

સુશાસન વહીવટ માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા તેમજ પારદર્શિતા વહીવટની વધે તે અભિગમ પણ આ એપ તૈયાર કરવા પાછળ હોવાનું મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

પાટનગરવાસીઓ માટે આ વર્ષનું ચોમાસું સૌથી વધારે કપરું રહ્યું છે. નજીવા વરસાદમાં પણ દરેક વિસ્તારમાં ખાડા અને કિચડની સમસ્યા ઊભી થઈ રહી છે. નાગરિકોની આ સમસ્યાને દૂર કરવા માટે શાસક પક્ષના અગ્રણીઓ અને મ્યુનિ. અધિકારીઓ ખાડા શોધવા અલગ-અલગ વિસ્તારમાં ફરી રહ્યા છે. આ સાથે કોઈ પણ સમસ્યા હોય તો નાગરિકોનો સંપર્ક કરી રહ્યા છે. પ્રજાજનોની સુખાકારી જાળવી રાખવાની કવાયત અંતર્ગ ગાંધીનગર મનપા દ્વારા મોબાઈલ એપ બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે, જેમાં ૨૪ કલાકમાં દરેક ફરિયાદનો નિકાલ આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

સ્ટ્રીટ લાઈટથી માંડીને કચરો કે ખરાબ રસ્તા અંગે રજૂઆત માટે મ્યુનિ. દ્વારા હેલ્પલાઈન નંબર શરૂ કરાયા છે. નાગરિકો ૧૮૦૦૧૦૮૧૮૧૮ નંબર અથવા મ્યુનિ.ની વેબસાઈટ પર પોતાની રજૂઆત કરી શકે છે. નાગરિકોની ફરિયાદ સંદર્ભે થયેલી કામગીરીને મોનિટર કરવાથી માંડીને સંબંધિત રજૂઆતકર્તા સુધી એકશન રિપોર્ટ પહોંચાડવાની કામગીરી આ બંને માધ્યમો મારફતે કરવામાં આવે છે.

સ્થાયી સમિતીના ચેરમેન જશવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ફરિયાદ નિવારણને વધારે અસરકારક બનાવવા માટે મ્યુનિ. તંત્ર માટે એક વિશેષ મોબાઈલ એપ બનાવવાની વિચારણા ચાલી રહી છે.

આ મોબાઈલ એપમાં નાગરિકો તરફથી મળેલી રજૂઆતને યુનિક આઈડી સાથે સ્ટોર કરવામાં આવશે. બાદમાં સંબંધિત શાખા અધિકારી સુધી આ રજૂઆત પહોંચશે. તેમના દ્વારા શું કામગીરી થઈ તેનું સ્ટેટસ પણ એપમાં લાઈવ અપડેટ થશે. કોઈ ફરિયાદના નિવારણમાં અડચણ આવતી હોય તો તે અંગેનો અહેવાલ પણ આ એપમાં મૂકાશે. આ તમામ પ્રક્રિયા માત્ર ૨૪ કલાકમાં પૂરી થઈ શકે તે માટે ટોચના મ્યુનિ. અધિકારીઓ અને હોદ્દેદારો એપનું મોનિટરિંગ કરશે.

● અનુસંધાન પાન-૭ પર

## મનપાને એપ્રિલ-મે માં જ વ્યવસાયવેરાની ૩ કરોડથી વધુ આવક થઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાને ૧-૪-૨૩ થી ૩૦-૬-૨૩ના બે માસના સમયગાળા દરમ્યાન વ્યવસાયવેરાની આવક રૂ. ૩ કરોડ ૪૩ લાખ, ૩૬,૯૫૩ થવા પામી છે.

મિલ્કતવેરાની આવક પછી વ્યવસાયવેરાની આવક એ મનપાની આવકનો મહત્વનો સ્રોત છે. મનપાને આ વર્ષે રૂ. ૧૧ કરોડથી વધુની આવક આ વેરા પેટે થવાનો અંદાજ અંદાજપત્રમાં રાખવામાં આવ્યો છે.

નવા વ્યવસાયકારોને શોધવાના અભિયાનને પણ તંત્ર દ્વારા ચાલુ રાખવામાં આવ્યુ છે. ગત વર્ષે વ્યવસાયવેરાના સમાધાનની યોજના જે સરકારે જાહેર કરી હતી તેને પગલે તંત્રએ ઘણા બધા નવા વ્યવસાયકારો મળી આવ્યા હતા અને આવક પણ સારી એવી થઈ હતી.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે આ વખતે પ્રથમ દ્વિમાસિક ગાળામાં જ ૩૧ ટકા જેટલી આવક મળી છે. આ આવક વધે તે માટેના પ્રયાસો તંત્રએ હાથ ધરી દીધા છે. વ્યવસાયકારોને ટુંકમાં જ આ અંગેની નોટીસો પાઠવવામાં આવશે. આ માટેનો રોડમેપ પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરની હદ વધ્યા પછી તેના ત્રણ ઝોનમાં કરાયેલ વિભાજનને પગલે તંત્રએ હવે ઝોનવાર આ વસુલાતના કેમ્પો કરવાનું પણ આયોજન વિચાર્યુ છે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં સર્વિસ સેક્ટરમાં નવા વ્યવસાયકારો વધ્યા છે અને તેથી જ આ આવકમાં આ વખતે પણ વધારો થશે તેમ તંત્રના સૂત્રોનું માનવુ છે. શહેરમાં વ્યવસાયવેરાની આવકનું સઘનીકરણ કરવા માટે પણ ખાસ વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

# જિલ્લાના ૧૪૦ ગામોમાં આકારણીની બાકી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તાકિદ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આવેલ ૨૮૮ ગ્રામ પંચાયતો પૈકી ૧૪૮ ગ્રામ પંચાયતો દ્વારા જ આકારણીના નવા દર જાહેર કરવામાં આવ્યા છે. બાકી રહેલા ૧૪૦ ગામોમાં નવીન આકારણીના દર માટેની કવાયત હાથ ધરવા માટે તંત્ર દ્વારા કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ૫૩ ગામ એવા છે જ્યાં છેલ્લા ૭ થી સાત વર્ષથી નવી આકારણી આકારવામાં આવી જ નથી. દર ૪ વર્ષે નવી આકારણી કરવાની જોગવાઈ એક્ટમાં થયેલી છે.

આકારણીને લીધે પંચાયતોની આવક વધતી હોય છે અને પંચાયતો આર્થિક સમૃદ્ધ બને તે માટે આ નિયમની જોગવાઈ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે ૧૪૮ ગામોએ નવીન આકારણી કરેલ છે તેમાં દહેગામના ૫૭, ગાંધીનગરના ૩૩, કલોલના ૨૮ અને માણસાના ૩૦ ગામોનો સમાવેશ થાય છે.

જિલ્લાતંત્રએ આકારણીને લઈ હવે તાલુકા વિકાસ અધિકારીઓની મળનારી સમીક્ષા બેઠકમાં સમીક્ષા કરવા માટેનું મન પણ બનાવી લીધુ છે.

જે ગામો સમૃદ્ધ છે તે ગામોની આકારણીના દર પણ નહિ સુધારવામાં આવ્યા હોવાનું ધ્યાને આવતાં તંત્રએ આ બાબતને ગંભીરતાથી લીધેલ છે. નવીન આકારણી બાબતે ટૂંકમાં જ ખાસ સમીક્ષા બેઠક યોજાશે તેવા સંકેતો મળી રહ્યા છે.



ટ્રેક્ટર ફસાયું : સેક્ટર-૫/સીના આંતરિક માર્ગ પર કપચી ભરેલું ટ્રેક્ટર વરસાદી પાણીના ખાડામાં ફસાઈ ગયું હતું... શહેરના આંતરિક માર્ગોની સ્થિતિ કેવી અને કેટલી કથળી છે તેનો આ તસવીરી પુરાવો છે... માર્ગ મારમત માટેનું નિકળેલું ટ્રેક્ટર જ ફસાતા ટ્રેજેડી સર્જાઈ હતી....

# હવે એસજીએક્સ નિફ્ટી ગિફ્ટ નિફ્ટી તરીકે ઓળખાશે

## ગાંધીનગરનું ગિફ્ટ સિટી દેશનું નવું નાણાંકીય હબ બનશે : ગિફ્ટ નિફ્ટી હેઠળ બે ટ્રેડિંગ સેશન નક્કી, આ ફેરફારના અમલીકરણ સાથે એસજીએક્સ નિફ્ટી પર ટ્રેડિંગ બંધ

ગાંધીનગર, તા.૩

ભારતમાં વૈશ્વિક વેપારમાં આજથી કેટલાક મોટો ફેરફાર થઈ રહ્યા છે. હવે એસજીએક્સ નિફ્ટી, જે શેરબજારની શરૂઆતનું ચોક્કસ મૂલ્યાંકન કરવા માટે જાણીતું છે, તેને નવા નામ ગિફ્ટ નિફ્ટી તરીકે નામનામાં મેળવશે. આજથી શરૂ થયેલા ગિફ્ટનિફ્ટીના વેપારની વાત કરીએ તો તેના હેઠળ બે ટ્રેડિંગ સેશન નક્કી કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમ ભારતીય સમય મુજબ સવારે ૬.૩૦ થી બપોરે ૩.૪૦ સુધી અને બીજો સાંજે ૫ થી રાતે ૨.૪૫ સુધી ચાલશે.

ગિફ્ટનિફ્ટીની શરૂઆત સાથે સમગ્ર બેઝને સિંગાપોર એક્સચેન્જમાંથી એનએસઈ ઈન્ટરનેશનલ એક્સચેન્જમાં ગાંધીનગર ગુજરાતમાં ખસેડવાનું એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. ગુજરાતના ગિફ્ટ સિટીને નવા નાણાકીય હબ તરીકે જોવામાં આવી રહ્યું છે.

આ ફેરફારના અમલીકરણ સાથે, એસજીએક્સનિફ્ટીપર ટ્રેડિંગ બંધ થઈ ગયું. સાથે તેને સિંગાપોર એક્સચેન્જમાંથી પણ હટાવી દેવામાં આવશે. ગિફ્ટનિફ્ટી૫૦ ઉપરાંત, એનએસઈએક્સઆઈ પર ગિફ્ટ નિફ્ટી બેંક, ગિફ્ટ નિફ્ટીફાઈનાન્શિયલ સર્વિસિસ અને ગિફ્ટ નિફ્ટીઆઈટીના ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ ઉપલબ્ધ છે.

એનએસઈએક્સઆઈ સેઝ એટલે કે, સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં છે, જેના કારણે રોકાણકારોને તેમાં વેપાર કરવા પર સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ, કોમોડિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ, ડિવિડન્ડ ડિસ્ટ્રિબ્યુશન ટેક્સ અને કેપિટલ ગેઈન ટેક્સમાંથી રાહત મળે છે. દેશની બહાર રહેતા ભારતીયો અને ત્યાંથી કામ કરતી ભારતીય કંપનીઓને અહીં ટ્રેડિંગ પર ટેક્સ ચૂકવવો પડશે નહીં. વેપારીઓના જણાવ્યા મુજબ, હવેથી તમામ પ્રકારના સેટલમેન્ટ એનએસઈઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરમાં શિફ્ટ થશે.

એનએસઈઈન્ટરનેશનલ એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ વી બાલાસુબ્રમણ્યમને ધ્યાને લઈ એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ભારત માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. આ પહેલીવાર હશે જ્યારે ભારતને કોઈ આંતરરાષ્ટ્રીય કોન્ટ્રાક્ટ મળશે. પહેલા તેને ભારતની બહાર નિકાસ કરવી પડતી હતી.

# કલેક્ટર કચેરીમાં ૩૧ કારકુનોની સામુહિક બદલીના હુકમો જારી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં નાયબ મામલતદાર સંવર્ગની બદલીના હુકમો પછી આજે સાંજે ૩૧ જેટલા કારકુન સંવર્ગની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટીતંત્રને વધુ લોકાભિમુખ બનાવવા માટે આ સામુહિક બદલીઓ કરવામાં આવી હોવાની ચર્ચા શરૂ થઈ છે. જિલ્લાતંત્રમાં જે બદલીઓનો દોર આરંભાયો છે તેને લઈ પણ કર્મચારીઓમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.

જિલ્લાતંત્રએ ઉનાળાના વેકેશનમાં નહિ પણ વેકેશન પછી એકાએક જે રીતે બદલીનો દોર આરંભ્યો છે તેને લઈ પણ તરેહ તરેહની ચર્ચાઓ કર્મચારી આલમમાં શરૂ થઈ છે. જિલ્લાકક્ષાએ ફરજો બજાવતા કર્મચારીઓને તાલુકાઓમાં નિમણુંકો આપવામાં આવી રહી છે અને તાલુકાના કર્મચારીઓને જિલ્લા કચેરીમાં લાવવામાં આવી રહ્યા છે.

આજે મોડી સાંજે કરાયેલ આ બદલીઓને પગલે મોટાપાયે કચેરીઓનો કાયાપલટ થઈ જશે. બધા નવા કારકુનો અને નાયબ મામલતદારો આ સપ્તાહના અંત સુધીમાં તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લેશે. જો કે બદલીના હુકમોનો તાત્કાલિક અસરથી અમલ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

# સેક્ટર-૨૧ શાકમાર્કેટ આસપાસના દબાણો સંપૂર્ણપણે દૂર કરાયા

## ફળો-શાકભાજીની લારીઓથી લઈને ખાણી-પીણીની લારીઓને હટાવી દઈ પાર્કિંગની જગ્યા ખુલ્લી કરાઈ : દબાણો હટતા માર્ગો ખુલ્લા બન્યા

ગાંધીનગર, તા. ૩

સેક્ટર-૨૧ શાકમાર્કેટ આસપાસ ઉભા થઈ ગયેલા દબાણોના રાફડાને સંપૂર્ણપણે હટાવી દેવાયા છે. શાકભાજી-ફળોની લારીઓ અને ખાણી-પીણીની લારીઓ દૂર થતાં પાર્કિંગની જગ્યા ખુલ્લી થઈ છે. એક મોટી સમસ્યામાંથી વસાહતીઓને મુક્તિ મળી છે.

ગાંધીનગરના મુખ્ય શાકમાર્કેટ એવા સેક્ટર-૨૧ના શાકમાર્કેટમાં દબાણની સમસ્યા વર્ષો જુની છે. શાકમાર્કેટની આસપાસના વિસ્તારમાં ફળો અને શાકભાજીની લારીઓનો ભારે જમાવડો રહેતો હતો. નાના વેપારીઓ છેક ફૂટપાથની બહાર સુધી દબાણ કરી વ્યવસાય કરતા હતા. લારીઓની સંખ્યા પણ સવિશેષ જોવા મળતી હતી. શાકમાર્કેટ ઉપરાંત સેક્ટર-૨૧ના પેટ્રોલપંપ સુધી જવાના આંતરિક માર્ગ પર લારી ગલ્લાઓનું દબાણ એટલુ બધુ હતુ કે બે ગાડીઓ માંડ એક સાથે નીકળી શકતી હતી. ગાડીઓના પાર્કિંગ માટે બનાવવામાં આવેલી જગ્યામાં જ દબાણો ઉભા થતાં વાહનચાલકોને નાછૂટકે રોડ પર જ વાહનો પાર્ક કરવા પડતા હતા. તહેવારોના સમયે તો એટલો બધો ટ્રાફિક જામ થતો હતો કે તેના મેનેજમેન્ટ માટે ટ્રાફિક પોલીસની મદદ લેવી પડતી હતી.

દબાણના કારણે ટ્રાફિકની સમસ્યા ગંભીર બનતા મનપાએ કડક પગલાં લેવાનુ શરૂ કર્યુ હતુ. દબાણ શાખાએ ભારે કડકાઈ દાખવી લારી-ગલ્લાના દબાણો હટાવી દીધા હતા. આ ઉપરાંત વેપારીઓએ પોતાની દુકાનની આગળ કરેલુ દબાણ પણ દૂર કરી દેવાતા રસ્તાઓ પહોળા બન્યા હતા. શાકમાર્કેટની આસપાસના તમામ દબાણોને દૂર કરાતા વાહનપાર્કિંગ માટે વિશાળ જગ્યા પ્રાપ્ત થઈ છે. ટ્રાફિકની સમસ્યાનો હાલ પુરતો ઉકેલ આવી ગયો છે.

# ઘ-૦ સર્કલ પાસે સે. ૨ના ખૂણે અત્યંત જોખમી ભૂવો પડ્યો..!!

## ફૂટપાથની બાજુમાં જ વળાંકમાં ભૂવો હોવાથી ઝટ નજરે ચઢે એવો નથી : રાહદારીઓ માટે ત્યાંથી પસાર થવું જોખમી : શહેરમાં ઠેર ઠેર માટી પોલાણે તંત્રની પોલ ખોલી

ગાંધીનગર, તા. ૦૩

ગાંધીનગરમાં સામાન્ય વરસાદમાં જ ઠેર ઠેર ભુવા પડવાની પરિસ્થિતિ સર્જાઈ છે. શહેરમાં પાણી અને ગટરની પાઈપલાઈન સહિતના વિવિધ વિકાસ કાર્યો દરમિયાન અપૂરતા માટી પુરાણને કારણે અત્યારે ઘરની બહાર નીકળવું એટલે જાણે જીવ હાથમાં લઈને નીકળવું ઓડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના અત્યંત વ્યસ્ત ગણાતાં ઘ-૦ સર્કલ નજીક ફૂટપાથને અડીને જ માટી પોલાણ થઈ જતા પડેલા ભુવાને કારણે અહીંથી પસાર થતાં રાહદારીઓ માટે મોટું જોખમ ખડું થવા પામ્યું છે. વળી આ ભુવો ઝટ નજરે ચડે તેમ ના હોવાને કારણે ચાલતો જતો માનવી અચાનક ખાડામાં ગરકાવ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઓ પામી છે.



શહેરમાં વિવિધ વિકાસ કાર્યોમાં અપૂરતા માટી પુરાણ ની સમસ્યાએ જાણે સમગ્ર શહેરીજનોના જીવ પડીકે બાંધી દીધા છે. શહેરમાં જ્યાં જુઓ ત્યાં ખાડા અને ભુવા જોવા મળી રહ્યા છે અને સામાન્ય વરસાદમાં પણ જમીન બેસી જવાના કિસ્સા સર્જાઈ રહ્યા છે. શહેરના ઘ-૦ સર્કલ નજીક ઘ-રોડથી ચ-૦ તરફ વળતા ટ્રાફિક પોલીસના પોઈન્ટની પાછળ સેક્ટર-૨ના ખૂણે ટર્નીંગમાં જ ફૂટપાથની બાજુમાં માટી બેસી જવાની ઊંડો ભુવો સર્જાયો છે જેના કારણે ફૂટપાથ પણ જોખમી બની છે. આ ફૂટપાથ પરથી મોટી સંખ્યામાં રહેદારીઓનું આવાગામન થાય છે અને ભૂવો ફૂટપાથની અંદરની તરફ હોવાથી અને આસપાસમાં ઝાડીઓ હોવાને કારણે તે ઝટ નજરે ચઢે તેવો નથી.

આ એટલો મોટો છે કે તેમાં પડી જનાર માનવી અંગે આસપાસમાં જલ્દી કોઈને જાણ પણ ના થાય અને તે માનવી ગંભીર ઈજાઓનો ભોગ બની શકે છે. હજુ આખું ચોમાસું બાકી છે અને શહેરમાં જે પ્રકારે સ્થિતિ સર્જાઈ રહી છે ત્યારે નાગરિકોની સલામતી માટે વહીવટી તંત્રએ સમગ્ર શહેરમાંના વિકાસ કાર્યો ફૂટપાથ વગેરેનો એક સર્વે કરી આ પ્રકારના જોખમી સ્થળો શોધી કાઢવા જોઈએ અને તાત્કાલિક તેમાં યોગ્ય માટે પુરાણ સાથે ભય સૂચક બોર્ડ પણ લગાવવા જોઈએ કેવું આ તબક્કે અત્યંત જરૂરી લાગી રહ્યું છે.

# કોમ્પ્યુટર પ્રોફિયન્સી ટેસ્ટ પરીક્ષા રદ કરવામા આવી

ગાંધીનગર, તા.૩

ગૌણ સેવા પસંદગી મંડળની ટેકનિકલ સંવર્ગની પરીક્ષા પધ્ધતિમાં સુધારો કરવામાં આવ્યો છે. તેમાં કોમ્પ્યુટર પ્રોફિયન્સી ટેસ્ટ (સીપીટી) પરીક્ષા રદ કરવામાં આવી છે. માત્ર MCQ અથવા OMR પદ્ધતિથી એક જ પરીક્ષા લેવાશે. ત્યારે અગાઉ પ્રિલિમ અને બે પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે ટેકનિકલ સંવર્ગની પરીક્ષાઓમાં ગૌણ સેવા પસંદગી મંડળનો નિર્ણય કરાયો છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · ASTRAL PIPES · Pidilite Roff TILE & STONE FIXING EXPERT · Birla White THE WHITEST WHITE CEMENT · VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા · PRINCE PIPING SYSTEMS · Jaquar experience bathing · DR. FIXIT


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com